**ઉપલેટા પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુન્હા રજીસ્ટર નંબર–૦૯૨૨/૨૦૨૫, પ્રોહી. એકટની કલમ–૬૫(ઈ), ૯૮(૨), ૮૧ વગેરે મુજબના કામે મુદ્દામાલ મો.સા. પરત મેળવવાની અરજદાર મણવર ચિરાગ હેમંતભાઈની અરજી લગત હુકમ.**

---

(૧) અરજદારની અરજીની ટુંકમાં વિગત એવી છે કે, ફોજદારી કેસ નં.૧૧૪/૨૦૨૬ ના કામે આરોપીઓ પાસેથી કબજે કરવામાં આવેલ અરજીમાં દર્શાવેલ મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરેલ મુદ્દામાલ વાહન મો.સા. હિરો મોટરસાયકલ એન્ડ સ્કુટર કંપનીનું એકટીવા 6G જેના રજી.નં.GJ–03–MN–3890 છે. જેના ચેસીસ નં. ME4JF91AJNW369129 તથા એન્જિન નં.JF91EW7369204 છે. તે મુદ્દામાલ ઉપરોકત ગુનાના કામે કબજે કરેલ છે. તે મુદ્દામાલ વચગાળાની કસ્ટડી માટે પરત મેળવવા હાલની આ અરજી કરેલી છે. આ કામે અરજદારની અરજી વંચાણે લીધી. અરજી અનુસંધાને રજુ થયેલ દસ્તાવેજ આધારો તથા કેસ રેકર્ડ ધ્યાને લીધુ. તેમજ સરકારી વકિલશ્રીને સાંભળ્યા.

(૨) આ કામે અરજદારે તેઓની માલીકી બતાવવા માટે વાહનના માલીકીને લગત કાગળોમાં નિશાની–૩/૧ થી આર.સી.બુકની નકલ તથા નિશાની–૩/૨ થી આધારકાર્ડની નકલ રજુ રાખેલ છે આમ રજુ કરેલ દસ્તાવેજો જોતા વાહનના માલીક તરીકે આ કામના અરજદારનું નામ હોવાનું જણાય છે.

(૩) ઉપરોક્ત તમામ હકીકતો અને રજુઆતો ધ્યાને લેતા આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાહન મો.સા. પ્રોહીબીશન એકટની કલમ–૬૫(ઈ) મુજબના ગુન્હામાં કબજે કરવામાં આવેલ છે તથા એમેન્ડેડ એકટની કલમ–૯૮(૨) જોતા જે વાહનનો ઉપયોગ પ્રોહીબીશનના મુદ્દામાલની હેરાફેરીમાં કરવામાં આવેલ હોય તે વાહન

સરકાર ખાલસા કરવા પાત્ર થાય અને આ બાબતે **નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્પે. ક્રિમી.એપ્લીકેશન નં.૮૫૨૧/૧૭ પરેશકુમાર જયકારભાઈ બ્રહ્મભટ્ટ વિ.સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદા**માં પ્રોહીબીશન એકટની કલમ–૯૮(૨) મુજબ કબજે કરવામાં આવેલ વાહનનો ઉપયોગ ૨૦ લીટર કરતા વધારે માત્રમાં પ્રોહીબીશનનો મુદ્દામાલ સંડોવાયેલ હોય તો આવું વાહન વચગાળાની કસ્ટડીથી છોડવાની સત્તા નીચેની અદાલતને ના હોવાનુ ઠરાવેલ છે જે મુજબ કલમ–૯૮(૨) તથા ઉપરોક્ત ચુકાદો ધ્યાને લેતાં આ કામે તથા પંચનામું અને મુદ્દામાલ પાવતી ધ્યાને લેતાં મળી આવેલ પ્રોહી. મુદ્દામાલનો જથ્થો ૨૦ લીટર કરતા વધારે માત્રામાં છે તથા પ્રોહી. એકટમાં સુધારેલા નિયમો મુજબ જથ્થાની મર્યાદા ૨૦ લીટર સુધી કરવામાં આવેલ છે. વધુમાં, **તા.૨૦/૦૧/૨૦૨૧ R/Spe.Cri. App. No.** 102 **of** 2021 ના ચુકાદામાં નામ.અદાલતે જયારે શંકાસ્પદ કેફી પીણુ પોલીસ દ્વારા કબજે કરેલ હોય અને તે દરમ્યાન તે કેફી પીણા સાથે સલગ્ન વાહન કે મિલકત કોન્સીફીકેશન કરવા માટે ગુજરાત પ્રોહી. એકટની સેકશન ૯૮, ૧૦૦ અને ૧૩૨ ની વિગતવાર ચર્ચા કરેલ છે અને તેમાં નામ. વડી અદાલતે સુંદરલાલ અંબાલાલ દેસાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાતનો ચુકાદો ટાંકી નામ.વડી અદાલતને બંધારણીય પાવર્સ હોય તે તબક્કે નામ.વડી અદાલતે પોતાના પાવર્સનો ઉપયોગ કરી અને વ્હીકલ રિલીઝ કરેલ છે પરંતુ અત્રેની કોર્ટને કોઈ બંધારણીય સતાઓ રહેતી ન હોય જેથી ઉપરોકત ગુજરાત પ્રોહી. એકટની કલમ ૯૮(૨) ની જોગવાઈ ધ્યાને રાખતાં તથા અત્રેની કોર્ટને BNSS ની કલમ ૪૯૭ હેઠળ વાહન રિલિઝ કરવા માટે રહેલ સતાઓ સાથે નામ.ગુજરાત હાઈકોર્ટના નીચે મુજબના ચુકાદા ધ્યાને લેવામાં આવેલ છે.

1) Gujarat State Road Transport Corporation Thorough Depot Manager Morbi Vs. State of

Gujarat rendered in Special Criminal Application No.1126 of 2018 Dt. 21.06.2018

2) Anilkumar Ramlal @ Ramanlalji Mehta Vs. State of Gujarat rendered in Special Criminal Application No.2185 of 2018 Dt. 05.04.2018 R/SCR.A/102/2021 Order

3) Munavarbhai Dadabhai Sandhi Vs. State of Gujarat rendered in Special Criminal Application No.4996 of 2018 Dt. 19.7.2018

4) Dikulbhai Dineshbhai Patel Vs State of Gujarat rendered in Special Criminal Application No.10437 of 2018 Dt. 07.12.2018

5) Balvantbhai Jivanbhai Sapra State of Gujarat rendered in Special Criminal Application No.10835 of 2018 Dt. 19.12.2018

6) Rathod Gopalbhai Devabhai Vs. State of Gujarat rendered in Special Criminal Application No.10964 of 2018 Dt. 21.12.2018

7) Pareshkumar Jaykarbhai Brahmbhatt Vs State of Gujarat rendered in Special Criminal Application No.8521 of 2017 Dt. 15.12.2017

આ કેસમાં મુદ્દામાલ વાહનમાંથી પકડાયેલ મુદ્દામાલ દેશી દારૂ લીટર–૩૫ કિંમત રૂ.૭,૦૦૦/– છે. તેવા સંજોગોમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના ઉપરોક્ત ચુકાદા સાથે નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો ક્રિમિનલ અપીલ નં.૧૫૪૭/૨૦૨૪માં નામદાર સર્વોચ્ચ અદાલતે એવું પ્રસ્થાપિત કરેલ છે કે, The Supreme Court of India has ruled on the Gujarat Prohibition Act's Section 98(2) in multiple cases, including: Confiscation of articles The Supreme Court has ruled that Section 98 of the Act deals with the

confiscation of articles when an offense punishable under the Act is committed. Section 98(2) applies when a police or prohibition officer sends a seized article to the Collector as per Section 132(b). The Court also ruled that Section 451 of the CrPC applies when the seized article is produced before the Court as per Section 132(a). Confiscation of liquor The Supreme Court has ruled that if the quantity of seized liquor is more than 10 liters, the items cannot be released on bond or surety until the final judgment of the court. Restrictions on jurisdiction The Supreme Court has ruled that Section 98(2) of the Gujarat Prohibition Act restricts the jurisdiction of a Court or Magistrate to pass an order. ઉપરોક્ત પ્રસ્થાપિત સિદ્ધાંતો પ્રમાણે આ અદાલત **બી.એન.એસ.એસ.ની કલમ–૪૯૭** મુજબ ગુન્હાના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વચગાળાની કસ્ટડીથી છોડવાની સત્તા પ્રાપ્ત થતી નથી, જે હકીકત સાથે આ કામની ફરિયાદ તથા પંચનામું ધ્યાને લેતા આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ વાહન પ્રોહીબીશન મુદ્દામાલ હેરફેરમાં સંડોવાયેલ હોવાની હકીકત જણાવેલ છે જે ધ્યાને લેતા જો આવા વાહનો હાલના તબક્કે છોડી દેવામાં આવે તો તેનાથી ધારાસભાનો જે ઉદ્દેશ્ય છે તે માર્યો જાય તેમ છે કારણ કે જો આવી રીતે વાહનો છોડી દેવામાં આવે તો તેનાથી આવા ગુન્હાઓ કરનારાઓમાં કાયદાનો ડર રહે નહિ અને તેઓ બેફામ બની જાય તે ધ્યાને લેતા અરજદારની હાલની કેસ ચાલતા સમય સુધી મુદ્દામાલ વાહન વચગાળાની કસ્ટડીથી છોડવાની અરજદારની અરજી મંજુર કરવાપાત્ર જણાતી ના હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>- - હુકમ - -</u>**

અરજદારની હાલની અરજી આથી નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહુ હુકમ આજરોજ તારીખઃ૧૧, માહેઃમાર્ચ, સનેઃ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરીને જાહેર કર્યો.

તારીખઃ ૧૧/૦૩/૨૦૨૬.
મુકામઃ ઉપલેટા.

(દેવલ યજ્ઞેશ્વર પટેલ)
જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
ઉપલેટા.
**UIC-GJ01515.**